## <u>કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો</u>

### <u>—: વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગત :—</u>

૧. ગણોતધારાની કલમ – ૭૪ અને ૭૬ હેઠળ માસિક ૭૨ કેસોનો નિકાલ કરવાનું ધોરણ છે.

૨. સરકારશ્રી ધ્વારા જાહેર થતી ઝુંબેશ તેની સમય મર્યાદામાં પુરી કરવાની હોય છે.

૩. નાની બચત શાખાનું મુખ્ય કાર્ય મહીલા ક્ષેત્રિય પ્રધાન યોજના તથા પબ્લીક પ્રોવિડન્ડ ફંડ યોજનાની એજન્સીઓ આપવા /રીન્યુ કરવા / રદ કરવાની કામગીરી થાય છે.

૪. નાની બચત યોજનાની એજન્સીઓ મેળવવા/રીન્યુ કરવા માટે નિયત નમુનામાં જરૂરી પુરાવાઓ સાથે અરજીઓ સ્વીકારવામાં આવે છે. સદરહું અરજીઓની ચકાસણી કરી નિર્ણય માટે મામલતદારશ્રી મારફતે અધિક કલેકટરશ્રીને નિર્ણય અર્થે સાદર કરવાની પ્રથા છે. જે નિર્ણય મુજબ મુસદ્દો તૈયાર કરી એજન્ટને ટપાલ ધ્વારા એજન્સી અંગેના નિર્ણય સંબંધી જાણ કરવામાં આવે છે.

૫. અરજીઓસંબંધે વિગતવાર નોંધ મુકવામાં આવે છે, ઠરાવ અને નિયમો ટાંકી વિગતે મુકાયેલી નોંધ સહ નીચેની કક્ષાએથી ઉપલી કક્ષા સુધી અભિપ્રાય અપાય છે. મુસદ્દો મંજુર થયેથી અરજદારને જાણ કરવામાં આવે છે.